શ્રી ૨૨૫૫

નંબર : જમીન / ક / વશી / ૨૨૦૫ /૨૦૧૧. તા. ૧ / ૭ / ૨૦૧૧
કલેકટર કચેરી, ચિટનીશ શાખા, વડોદરા. ફોન
નં.(૦૨૬૫)૨૪૩૩૬૪૪

વાંચ્યા :–

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાના તા. ૨૯/૩ / ૨૦૧૦નો પત્ર.
(૨) મામલતદારશ્રી, વડોદરા શહેરના અને નાયબ કલેકટરશ્રી, વડોદરાના આપેલ અભિપ્રાય.
(૩) સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક– જમન / ૩૯૦૯ / ૧૩૮૫ / ગ, તા.૮/૧૧/૧૦.

કલેકટર વડોદરા

હુકમ :–

આમુખ–૧ વાળા પત્રથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તરફથી વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં સરકારશ્રી હસ્તકની મોજે અટલાદરાના સ.નં. ૫૮૫ હે.આ. ૧૩–૭૮–૯૭ વાળી અને ૫૮૬ હે. આ. ૫–૬૩–૫૩ મળી કુલ હે. આ.૧૯–૪૨–૫૦ ચો.મી. વાળી સરકારી ગૌચર સદરે ચાલતી જમીનમાં જેએનયુઆરએમ યોજના અંતર્ગત શહેરી ગરીબો માટેના આવાસો બનાવવા મહાનગર સેવાસદનને ફાળવવા કરેલ અરજીની તપાસ કરાવતાં (૧) સ.નં. ૫૮૫ ની ચતુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તરે :– રે.સ.નં. ૫૮૬ વાળી જમીન.

પૂર્વે :– સ.નં. ૫૮૪, ૫૭૩, ૫૭૯ વાળી જમીન.

દક્ષિણે :– રે.સ.નં. ૬૬૧, ૬૮૫/૧ તથા વિશ્વામીત્રી નદી છે.

પશ્ચિમે :– સ.નં. ૬૩૭, ૬૩૮ વિ. વાળી જમીનો. અને

(૨) સ.નં. ૫૮૬ની ચતુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તરે :– રે.સ.નં. ૪૨૯ વાળી જમીન.

પૂર્વે :– સ.નં. ૫૫૮, ૫૬૧ અને ૫૬૨ વાળી જમીન.

દક્ષિણે :– રે.સ.નં. ૫૮૫ વાળી જમીન.

પશ્ચિમે :– સ.નં. ૬૨૩, ૬૨૭, ૬૨૮ વાળી જમીનો.

જેમાં બીન પરવાનગીથી બાંધવામાં આવેલ ઝૂંપડપટ્ટીઓ નામે સર્વોદયનગર, સંતોષનગર, ભીમનાથનગર, જાગનાથનગર, મહાકાલીનગર, પંચમહાલનગર વિગેરે આવેલ છે. સદરહુ જમીન "લુડા"ના રહેણાંક ઝોનમાં આવેલ છે.

આ જમીન ઉપરથી હાઈ–વોલ્ટેજ લાઈન, જમીનની ૩૦ મીટરની ત્રિજયામાં રેલ્વે લાઈન આવેલ નથી. વિમાની મથક ઘણે દૂર છે. આ જમીનની નજીકમાં સ્મશાન આવેલ નથી. કે કોઈ રાષ્ટ્રિય રક્ષિત સ્મારક / ભવન નથી.

આમુખ ૨ વાળા પત્રથી મામલતદારશ્રી, વડોદરા શહેર તરફથી અને નાયબ કલેકટરશ્રી, વડોદરાના અહેવાલ અનુસાર માંગણીવાળી જમીન આપવા અભિપ્રાય આપેલ છે.

આમુખ-૩ થી સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક- જમન / ૩૯૦૯ / ૧૩૮૫ / ગ, તા.૮/૧૧/૧૦ થી નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને શહેરી ગરીબ આવાસ યોજનાઓ માટે સરકારી જમીન ફાળવવા શહેરી ગરીબોની આવાસ સુવિધાઓની યોજના માટે શહેરી વિસ્તારમાં સરકારી જમીનની ફાળવણીમાં દબાણગ્રસ્ત સરકારી જમીન પણ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને ફાળવી શકાશે તેમજ, " સરકારી જમીન / દબાણગ્રસ્ત સરકારી જમીનોનો યોજનાના લાભાર્થીઓના સંદર્ભે જરૂરીયાત હોય તેટલી જમીનનો આગોતરો કબજો પણ આપી શકાશે. આ માટે કોઈ કિંમત વસુલ કરવાની રહેતી નથી. પરંતું આગોતરો કબજો સોંપ્યા પછી વધુમાં વધુ ૧૫ દિવસની સમયમર્યાદામાં જમીનની ફાળવણી માટે વિધિસરની દરખાસ્ત કલેકટરશ્રીએ સરકારશ્રીને કરવાની, અને " દબાણવાળી સરકારી જમીન ફાળવવામાં આવે / આગોતરો કબજો સોંપવામાં આવે ત્યારે દબાણ દુર કરવાની કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે કરવાની રહેશે. અને આ અંગે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના કોર્ટ કેસને લગતી કે નાણાંકીય કે અન્ય તમામ પ્રકારની જવાબદારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની રહેશે" તેમ જણાવેલ છે.

સબબ, મોજે અટલાદરાના સ.નં. ૫૮૫ અને ૫૮૬ની કુલ હે.આ. ૧૯-૪૨-૫૦ પૈકી ૧૦,૦૦૦ ચો.મી. જમીન સોલીડ વેસ્ટ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાના કામે બાદ કરી, તે માટે અનામત રાખી બાકી રહેતી તમામ જમીન હે.આ. ૧૮-૪૨-૫૦ વાળી જમીન,સરકારશ્રીના " શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ"નું નામ દાખલ કરી આગોતરો કબજો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરાને આપવા આથી નીચેની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) માંગણીવાળી જમીન વડોદરાના શહેરી ગરીબોની આવાસ સુવિધાઓની યોજના માટે જ વડોદરા મહાનગર સેવાસદનને ફાળવવામાં આવેલ હોઈ તે હેતુ માટે જ આ જમીનનો ઉપયોગ કરવાનો રહેશે એટલે કે, ગરીબોના આવાસ માટે જ ઉપયોગ કરવાનો રહેશે

(૨) આ જમીન નવી શરતની રહેશે. મહાનગરપાલિકા કે વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ આ જમીન યોજનાના લાભાર્થીઓને તબદીલ કરી શકશે, પરંતું લાભાર્થીઓ અન્યને ૧૫(પંદર) વર્ષ સુધી તબદીલ કરી શકશે નહી, ૧૫ (પંદર) વર્ષ બાદ તબદીલી માટે મહેસુલ વિભાગની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

(૩) અરજી સાથે સામેલ થઈ આવેલ સર્વોદયનગરના કુલ ૨૪૩ (બસો તેંતાલીસ) અને ભીમનાથનગરના કુલ ૩૧૩ (ત્રણસોં તેર)ઝુપડાંવાસીઓની યાદી મુજબની દબાણવાળી જમીનમાંજ ગરીબો માટેની આવાસ યોજનાનો અમલ કરવાનો રહેશે જેમાં વડોદરા મહાનગર સેવા સદન તરફથી આ દબાણદારો પાસેથી કોઈ કિંમત વસુલ કરવાની રહેશે નહી.

(૪) સદરહુ હુકમથી આ સરકારી જમીન ફાળવવામાં આવે / આગોતરો કબજો આપવામાં આવે ત્યારે દબાણ દૂર કરવાની કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે કરવાની રહેશે અને ભવિષ્યમાં કોઈપણ પ્રકારના કોર્ટ કેસને લગતી કે નાણાંકીય કે અન્ય કાનુની તમામ પ્રકારની જવાબદારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની રહેશે.

(૫) સદરહુ જમીનનો કબજો / આગોતરો કબજો મેળવ્યાબાદ ત્રણ માસમાં બાંધકામ શરૂ કરવાનું રહેશે અને યોજનાનું કામ સમયસર પૂર્ણ નહી થાય તો ઈમલા સહીત વિના વળતરે જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવશે.

(૬) શહેરી ગરીબ આવાસ યોજના માટે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોને સરકારી જમીન મહેસુલ માફીથી / કિંમત માફીથી ફાળવવામાં આવે ત્યારે આવી જમીનો ઉપર બનનાર શહેરી ગરીબોના આવાસોના પ્રોજેકટની મંજુરી શહેરી વિકાસ વિભાગની જી. યુ. ડી. એમ. ની ટેકનીકલ કમિટિ પાસેથી મેળવવાની રહેશે.

(૭) ભારત સરકાર કે રાજય સરકારની શહેરી ગરીબોના આવાસ યોજના માટે આમુખ–૩ થી નિર્દિષ્ટ મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઈ હેઠળ ફાળવવામાં આવતી જમીનોની સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર કિંમત નકકી કરાવવાની રહેશે અને આ કિંમતને રાજય સરકારનો જે તે યોજનામાં અપાયેલ ફાળો ગણવાનો રહેશે.

કલેકટર વડોદરા
सत्यमेव जयते

(એલ. સી. પટેલ.)
કલેકટર, વડોદરા.

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
વડોદરા મહાનગ સેવાસદન,
ખંડેરાવ માર્કેટ, વડોદરા.

**નકલ જયભારત સહ રવાના :–**
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, એલ એન્ડ ટી સર્કલ, કારેલીબાગ, વડોદરા તરફ જાણ થવા સારું.
**નકલ જયભારત સહ રવાના :–**
નાયબ કલેકટરશ્રી, વડોદરા (શહેર), નર્મદા ભવન, વડોદરા તરફ જાણ થવા અર્થે.
**નકલ રવાના :–**
મામલતદારશ્રી, વડોદરા (શહેર), બીજે માળ, સી બ્લોક, નર્મદા ભવન, વડોદરા તરફ જાણ વ જરૂરી આગોતરા કબજો આપવાની કાર્યવાહી કરવા અને આખરી હુકમ / મંજુરી અર્થે અત્રેથી મહેસુલ વિભાગમાં દરખાસ્ત કરવાની હોઈ, સુવાચ્ય અક્ષરે લખી / ટાઈપ કરાવી, કબજા પાવતીની નકલ અત્રે રજુ કરવા સારું.
**નકલ રવાના :–** તલાટીશ્રી ગોરવા, તા. જિ. વડોદરા તરફ જાણ થવા અર્થે.
**નકલ જયભારત સહ રવાના :–** સીટી સર્વે સુપ્રિશ્રી. નં. ૨, વડોદરા તરફ જાણ તથા માપણી થવા સારું.
**નકલ સવિનય રવાના :–** સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, 'ગ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.
**નકલ સવિનય રવાના :–** સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
**નકલ સવિનય રવાના :–** નિયામકશ્રી, જેએનએનયુઆરએમ, ઠે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન. અમદાવાદ તરફ જાણ થવા સારું.

સિલેકટ ફાઈલે

નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને શહેરી ગરીબ આવાસ યોજનાઓ માટે સરકારી જમીન ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંક :- જમન/૩૯૦૯/૧૩૮૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૧૧/૨૦૧૦

વંચાણે લીધો :- મહેસુલ વિભાગનો તા. ૧૯/૧૧/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંકઃ- મમજ/૫૩૦૭/૩૫૪/ગ

**ઠરાવ :-**

સંદર્ભમાં દર્શાવેલ મહેસુલ વિભાગના તા.૧૯/૧૧/૨૦૦૯ના પરિપત્રથી નગરપાલિકા વિસ્તારમાં ભારત સરકારની I.H.S.D.P. (સંકલીત આવાસ અને ગંદા વિસ્તાર વિકાસ કાર્યક્રમ) યોજના માટે મહેસુલ માફીથી / કિંમત માફીથી જમીન ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ જોગવાઈનાં લાભ રાજ્યની નગરપાલિકાઓ ઉપરાંત મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. ઉકત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

(૧) સંદર્ભમાં દર્શાવેલ તા.૧૯/૧૧/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક : મમજ/૫૩૦૭/૩૫૪/ગ ની જોગવાઈ મુજબ ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય શહેરી ગરીબ આવાસ યોજના માટે નગરપાલિકાઓ ઉપરાંત મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને સરકારી જમીન આપવાનું ઠરાવવામાં આવે છે.

Secy.
10.11.10

(૨) શહેરી ગરીબોની આવાસ સુવિધાઓની યોજના માટે શહેરી વિસ્તારમાં સરકારી જમીનની ફાળવણીમાં દબાણગ્રસ્ત સરકારી જમીન પણ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને ફાળવી શકાશે,

(૩) સરકારી જમીન / દબાણગ્રસ્ત સરકારી જમીનોનો યોજનાના લાભાર્થીઓના સંદર્ભે જરુરિયાત હોય તેટલી જમીનનાં આગોતરો કબજો પણ આપી શકાશે. આ માટે કોઈ કિંમત વસુલ કરવાની રહેતી નથી, પરંતુ આગોતરો કબજો સોંપ્યા પછી વધુમાં વધુ ૧૫ દિવસની સમયમર્યાદામાં જમીનની ફાળવણી માટે વિધિસરની દરખાસ્ત કલેકટરશ્રીએ સરકારશ્રીને કરવાની રહેશે.

(૪) ઉપર જણાવ્યા મુજબ દબાણવાળી સરકારી જમીન ફાળવવામાં આવે / આગોતરો કબજો સોંપવામાં આવે ત્યારે દબાણ દુર કરવાની કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે કરવાની રહેશે, અને આ અંગે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના કોર્ટ કેસને લગતી કે, નાણાંકીય કે અન્ય તમામ પ્રકારની જવાબદારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની રહેશે.

ઉપર દર્શાવેલ વિગતે સરકારી જમીનનો કબજો / આગોતરો કબજો મેળવ્યા બાદ ત્રણ માસમાં બાંધકામ શરૂ કરવાનું રહેશે અને યોજના મુજબનું કામ સમયસર પૂર્ણ નહી થાય તો, ઉમેલા સહિત વિના વળતરે જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવશે.

(૫) શહેરી ગરીબોની આવાસ યોજના માટે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને સરકારી જમીન મહેસુલ માફી / કિંમત માફીથી ફાળવવામાં આવે ત્યારે આવી જમીનો પર બનનાર શહેરી ગરીબોના આવાસોના પ્રોજેકટની મંજુરી શહેરી વિકાસ વિભાગની જી.યુ.ડી.એમ.ની ટેકનીકલ કમિટિ પાસેથી મેળવવાની રહેશે.

(૬) શહેરી ગરીબોની યોજના માટે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોએ તેમના હસ્તકની સરકારી કે પોતાની માલિકીની જમીનને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૭) આ ઠરાવની જોગવાઈ અનુસાર ફાળવવામાં આવતી જમીન જે હેતુ માટે ફાળવણી કરવામાં આવે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એટલે કે, ગરીબોના આવાસ માટે જ ઉપયોગ કરવાનો રહેશે, આ જમીન નવી શરતની રહેશે, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોઓ આ જમીન યોજનાના લાભાર્થીઓને તબદીલ કરી શકશે, પરંતુ લાભાર્થીઓ અન્યને ૧૫ વર્ષ સુધી તબદીલ કરી શકશે નહી, ૧૫ વર્ષ બાદ તબદીલી માટે મહેસુલ વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૮) ભારત સરકાર કે રાજ્ય સરકારની શહેરી ગરીબોના આવાસ માટેની યોજના માટે આ ઠરાવની જોગવાઈ હેઠળ ફાળવવામાં આવતી જમીનોની સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર કિંમત નક્કી કરાવવાની રહેશે, અને આ કિંમતને રાજ્ય સરકારનો જે તે યોજનામાં અપાયેલ ફાળો ગણવાનો રહેશે.

આ હુકમ મહેસુલ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૮/૦૯/૨૦૧૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનીલ માંકડ)
સંયુકત સચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

✓ માન. મુખ્ય મંત્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩......

✓ માન. મંત્રીશ્રી, (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
✓ માન. મંત્રીશ્રી, (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
✓ માન. મંત્રીશ્રી, (શહેરી વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

✓ મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
✓ અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
✓ અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
✓ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર.
✓ નાણાં સલાહકારશ્રી, (મહેસુલ) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
✓ સર્વે કલેકટરશ્રીઓ
✓ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદ.
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરત.
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ.
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ભાવનગર.
✓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ, વડોદરા.
✓ નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
✓ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ.
✓ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ.
✓ શાખા સંગ્રહ
✓ સિલેકટ ફાઈલ.


# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

..ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૧૭ ની પેટા કલમ(૧)ના ખંડ(ગ) હેઠળ સરકારશ્રીએ મંજુર કરેલ તથા તા.૧૮-૦૧-૨૦૧૨ થી અમલ માં આવેલ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના પરત્વેનો વિભાગીય નકશો.

મોજે અટલાદરા તાલુકા વડોદરા

ના રે.સ.નં./ બ્લોક નં./ફા.પ્લોટ નં. ૫૮૫

વુડા/વી.એમ.સી/ટી.પી.સ્કીમ નં. -




ક્રમાંક યુડીએ/પ્લાન/ મં.દ્વિ.પુ.વિ.યો/ ૮૫૫૫૧૯/૨૦૨૧

તારીખ: ૨૧|૦૫ ૨૦૨૧

ઉ

સૂચિ:-

- રહેણાંક ઝોન (આર-૧)
- નદી
- સુચિત રસ્તા
- હયાત રસ્તા

૧ સે.મી. = ૩૮.૪૦ મીટર

URBAN DEVELOPMENT AUTHORITY VADODARA

જુનીયર ટાઉન પ્લાનર
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

તૈયાર કરનાર

નકલ તપાસનાર

Scanned with CamScanner